અપીલ અરજી નં.૨૪૦ તા.૨૯–૧૦–૦૯/૧૦

અરજદારઃ– ડો.બાબુલાલ એમ. શાહ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.બાબુલાલ એમ. શાહની તા.૫–૯–૦૯ ની અરજીથી શહેરી વિકાસ મંત્રીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક પા.પુ./ જસ./ શવિ./ ૭૯/૨૫૧૬/૦૯ ના પત્ર મ્યુ.કમિશ્નરને રાંદેરીયા ઈલેકટ્રીકલ્સ, સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના અનુસંધાનમાં શું કાર્યવાહી કરી અને શું કરવા માંગો છો ? સને ૨૦૦૨ની સાલમાં ઉધના ઝોનનો સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ કોને આપવામાં આવેલ હતો? શ્રી જે.કે. શાહ ઝોનલચીફ વરાછા ઝોન ધ્વારા ૨૦૦૩ થી ૨૦૦૬ માં કરેલ પત્ર વ્યવહાર કે જેના પર જે.કે.શાહે સહી કરેલ હોય એની એક–એક કોપી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૪૦/૨૦૦૯–૧૦

શ્રી ડો.બાબુલાલ એમ. શાહની તા.૫–૯–૦૯ ની અરજીથી શહેરી વિકાસ મંત્રીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક પા.પુ./ જસ./ શવિ./ ૭૯/૨૫૧૬/૦૯ ના પત્ર મ્યુ.કમિશ્નરને રાંદેરીયા ઈલેકટ્રીકલ્સ, સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના અનુસંધાનમાં શું કાર્યવાહી કરી અને શું કરવા માંગો છો? સને૨૦૦૨ની સાલમાં ઉધના ઝોનનો સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ કોને આપવામાં આવેલ હતો? શ્રી જે.કે. શાહ ઝોનલચીફ વરાછા ઝોન ધ્વારા ૨૦૦૩ થી ૨૦૦૬ માં કરેલ પત્ર વ્યવહાર કે જેના પર જે.કે.શાહે સહી કરેલ હોય એની એક–એક કોપી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૯૩ તા.૧૫–૯–૦૯ તથા તા.૧૬–૧૦–૦૯ થી મળેલ જવાબો અધુરા અને અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૭ તા.૧૦–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ તથા અપીલની અસલ પ્રત અને અપીલ અરજીમાં કઈ વિગતો અંગે નારાજગી છે તે સ્પષ્ટ જણાતું નથી તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તારીખ વિનાના પત્રથી નમુના 'ક' નું ફોર્મ નથી તેથી અલગ પત્ર મુકેલ છે. નમુના 'જ' માં ઓરીજનલ સહી કરેલી છે તેથી ઓરીજનલ ગણવી તથા ૨૦૦૩–૦૪ ના શ્રી જે કે. શાહની સહી ના નમુનાની કોપી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૨૯૩ તા.૧૮–૧૧–૦૯ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની તા.૫–૯–૦૯ ની અરજી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગે ઉધનાઝોનના આ.ન.૩૬૩૮ તા.૧૧–૯–૦૯ ના પત્રની નકલ , અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તા.૨૯–૯–૦૯ ના પત્રની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૯૩ તા.૧૫–૯–૦૯ તથા તા.૧૬–૧૦–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૫–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) શહેરી વિકાસ મંત્રીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક પા.પુ./ જસ./ શવિ./ ૭૯/૨૫૧૬/૦૯ ના પત્ર મ્યુ.કમિશ્નરને રાંદેરીયા ઈલેકટ્રીકલ્સ, સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના અનુસંધાનમાં શું કાર્યવાહી કરી અને શું કરવા માંગો છો ? તેની માહિતી આપવી. મુદ્દા નં. (૨) સને ૨૦૦૨ની સાલમાં ઉધના ઝોનનો સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સનો કોનટ્રાકટ કોને આપવામાં આવેલ હતો? મુદ્દા નં.(૩) ટેન્ડરરે જો કામ કરવાની ના પાડી હોય તો માંદગીના કારણે ના પાડી હોય તો આ કામ ટેન્ડર પછીના ફસ્ટ લોએસ્ટ પાસેથી કામ કરાવવામાં આવેલ છે કે નહી તેની માહિતી આપવી. અને ફર્સ્ટ લોએસ્ટ જો ના પાડી હોય તો સેકન્ડ લોએસ્ટ પાસેથી કામ કરાવવું જોઈતું હતું અને જો ફર્સ્ટ અને સેકન્ડ લોએસ્ટે ના પાડી હોય તો પછી ટેન્ડર મંગાવી કાર્યવાહી કેમ ન કરી? કાર્યવાહી કરવા માટે ૬ જણા પાસેથી કવોટેશન મંગાવી એમના માનીતા કોન્ટ્રાકટરને જ કેમ કોન્ટ્રાકટ આપવામાં આવ્યો તેનો સવિસ્તાર જવાબ. મુદ્દા નં.૪ શ્રી જે.કે. શાહ ઝોનલચીફ વરાછા ઝોન ધ્વારા ૨૦૦૩ થી ૨૦૦૬ માં કરેલ પત્ર વ્યવહાર કે જેના પર જે.કે.શાહે સહી કરેલ હોય એની એક–એક કોપીની ઝેરોક્ષ આપવી. મુદ્દા નં.૫ એકઝી. એન્જી. ની પોસ્ટને લગતો ઠરાવ ૧૯૯૬ માં પસાર કરવામાં આવેલ હતો તો એકઝી. એન્જી.ની પોસ્ટ માટે જાહેર ખબર આપવામાં આવેલ છે કે નહીં જો જાહેર ખબર આપ્યા વગર એપોઈમેન્ટ આવેલ છે કે નહી? મુદ્દા નં.(૬) ૧૯૯૬ ના ઠરાવ બાબતે કોર્પો.ને જાહેર ખબર આપેલ છે કે નહીં તેની કોપી આપવી. મુદ્દા નં.૭. એકઝી. એન્જી. ના ખડી સમિતિમાં ઈન્ટરવ્યુ લેવામાં આવેલ છે કે નહીં. તેની માહિતી. આમ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગવામાં આવેલ. જે અરજી મુદ્દા નં.૪ અંગે ઉધનાઝોન તરફથી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને આનં.૩૬૩૮ તા.૧૧–૯–૦૯ થી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૯૩ તા.૧૫–૯–૦૯ થી અરજદારને " આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી તર્ક સંગત નથી ઝોનના ચીફ તરીકે ખાતાકીય રીપોર્ટમાં તેમજ વિવિધ અરજદારો સાથે તેમજ સરકારી ખાતામાં વહીવટી અહેવાલોમાં ઘણી બધી સહીઓ રોજ રોજ કરવાની હોય છે જેથી આપના પ્રશ્ન અન્વયે કયા પત્ર વ્યવહારની

માહિતી આરટીઆઈ એકટ હેઠળ જરૂર છે. તેની સ્પષ્ટતા થયેથી માહિતી આપવાની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૯–૯–૦૯ ના રોજ પત્રથી સદર પત્રતા.૨૬–૯–૦૯ ના રોજ મળેલ. ઝોનલચીફ તરીકે વિવિધ અરજદારો તેમજ સરકારી ખાતામાં વહીવટી અહેવાલમાં કરેલ આખી સહી વાળી તથા ટૂંકી સહી વાળી ઝોનલચીફ જે કે. શાહ ધ્વારા કરેલ હોય તો તેઓની એક ૨૦૦૩–૦૪–૦૫ અને ૦૬ ના વર્ષની કોઈ પણ એક–એક કોપીઓ આપવી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૯૩ તા.૧૬–૧૦–૦૯ થી અરજદારને અત્રેના ઉપલબ્ધ રેકર્ડ અન્વયે પત્ર વ્યવહારની વર્ષ ૨૦૦૫–૦૬ ની સહી કરેલ નકલ એક–એક નકલના કોપીદીઠ રૂા.૨/– લેખે રૂા.૪/– અત્રેની કચેરીમાં ભર્યે થી આપવામાં આવશે. જે અરજદારે રસીદ નં.૧૭૬૫૧૨૨ તા.૨૮–૧૦–૦૯ થી ભરપાઈ કરી મેળવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૯–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરી સને ૨૦૦૩–૦૪ ના નમુનાની એક એક કોપીની માંગણી કરેલ છે.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને આરટીઆઈ સેલ પત્ર નં.૯૫૬ તા.૩–૧૨–૦૯ થી તા.૮–૧૨–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી જણાવેલ કે મુદ્દા નં.૪ ની માહિતી અધૂરી મળેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર વરાછાઝોન હાજર રહી જણાવેલ કે શ્રી જે કે. શાહ ઝોનલચીફ વરાછાઝોનમાં સને ૨૦૦૩–૦૪ માં ફરજમાં હતા નહીં તેઓ હાઉસીંગ વિભાગમાં ફરજ બજાવતાં હતાં તેથી તે માહિતી આપેલ નથી પરંતુ તેટલા મુદ્દા પૂરતી અંશતઃ માહિતી માટે સદર અરજી તબદીલ કરવામાં આવશે એવી રજૂઆત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અંશતઃ મુદ્દા નં.૪ અંગે સને ૨૦૦૩–૦૪ માં ઝોનલચીફ શ્રી જે કે. શાહ હાઉસીંગ વિભાગમાં ફરજ બજાવતાં હતાં જેથી ૨૦૦૩–૦૪ ની માહિતી અરજદારને મળી રહે તે માટે સદર અરજી જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) ને તબદીલ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તથા અપીલમાંની રજૂઆત અન્વયે સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી હાઉસીંગ અને ડે.કમિશ્નર(સ્પે)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કસ્મિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો. બાબુલાલ એમ. શાહ